**GCSE Simplified Options**

**Gujarati**

## આરોગ્ય અને સામાજિક સંભાળ (હેલ્થ એન્ડ સોશિયલ કેર) (Health and Social care)

આરોગ્ય અને સામાજિક સંભાળ એ આરોગ્ય અને સામાજિક કાળજીના ક્ષેત્રમાં લોકોની સંભાળ અને રક્ષણ માટેના મહત્વપૂર્ણ વિષયોનો અભ્યાસ નો સમાવેશ કરે છે. તમે જન્મથી લઈને વૃદ્ધાવસ્થા સુધીના જીવનના તબક્કાઓમાં વ્યક્તિઓના વિકાસ કેવી રીતે થાય એના વિષે શીખશો. આ ઉપરાંત, તમે તમારા આરોગ્ય જીવન ને સારા બનાવા માટે ના અભિયાનો, સારા આરોગ્યને પ્રોત્સાહન આપવાની રીતો અને વ્યક્તિઓને રોગ અને બીમારીથી સુરક્ષિત રાખવાના માર્ગોનો અભ્યાસ કરશો.

કોર્સવર્ક મારફતે તમામ માહિતીઓ તપાસ કરવામાં આવે છે, જેમાં વ્યવહારિક અનુભવો, પ્રેઝન્ટેશન અને ઇન્ટરવ્યુ કઈ રીતે આપવું વગેરે શીખવવામાં આવે છે અને વર્ષ 11 ના અંતે એક પરીક્ષાનો સમાવેશ થાય છે. આ કોઈપણ વિદ્યાર્થીને લાગુ પડે જેઓને ચર્ચાઓને ડિસકસ કરવામાં આનંદ અનુભવે છે, તેમના વિચારો શેર કરવામાં આનંદ અનુભવે છે અને જેમની પાસે નિબંધ લખવાની સારી કુશળતા ધરાવે છે.

## ફ્રેન્ચ અને સ્પેનિશ (French and Spanish)

અમે વર્ષ 7 - 9 માં શીખેલા ઘણા વિષયોનો અભ્યાસ કરીએ છીએ જેમાં અમે કુટુંબ, સંબંધો, શોખ, ગ્લોબલ સમસ્યા , શાળા, અને ભવિષ્ય માટેની યોજનાઓ સમાવેશ થાય છે. આ કોર્સ કોઈપણ માટે યોગ્ય છે જેણે અગાઉ ફ્રેન્ચ અથવા સ્પેનિશનો અભ્યાસ કર્યો હોય. તમારે મુખ્ય શબ્દો અને વ્યાકરણ શીખવા માટે તૈયાર રહેવા નું હોય છે. અંત માં 4 પરીક્ષાઓ હોય છે - વાંચવા ની , સાંભળવા ની , બોલવા ની અને લખવા ની અને જે બધી ફ્રેન્ચ અથવા સ્પેનિશ માં હશે. પરીક્ષા ના પેપર ના બે પ્રકાર ના હોય છે એક અઘરું પેપર અથવા એક સહેલું પેપર.

## પ્રોડક્ટ ડિઝાઇન (Product Design)

આ વિષયમાં, તમે રીસેર્ચ કરીને , વિવિધ મીડિયા નો ઉપયોગ કરી ને ,જુદા જુદા પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરીને,ડીઝાઇન અને મોડેલિંગ ઉપયોગ કરી ને તમે એક પ્રોડક્ટ બનાવશો . સામગ્રી સાથે પ્રયોગ કરતી વખતે અને પ્રોડક્ટ્સનું પરીક્ષણ કરતી વખતે યુઝરની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તે એવા વિદ્યાર્થીઓને અપીલ કરશે કે જેઓ મોડેલિંગ અને પ્રયોગનો આનંદ માણે છે અને સમસ્યાનું નિરાકરણ, ન્યાયી ઠેરવવા અને તેમના વિચારો રજૂ કરવાનો આનંદ માણે છે.

- કોર્સવર્ક યુનિટ 60% વિદ્યાર્થીઓ કામનો પોર્ટફોલિયો અને જે પ્રોડક્ટ બનાવશે એના પર આધારિત છે. તેમની પાસે પોર્ટફોલિયો બનાવવા માટે 4 મહિના હશે.
- પરીક્ષા બોર્ડએ 40% વિદ્યાર્થીઓના માટે પસંદગી માટે વિચારો સેટ કર્યાં હોય છે . તેમની પ્રોડક્ટ બનાવવા માટે 10 કલાકની પરીક્ષા હોય છે.

## ટેક્સટાઇલ (Textile)

આ વિષયમાં, તમે રીસેર્ચ કરીને , વિવિધ મીડિયા નો ઉપયોગ કરી ને ,જુદા જુદા પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરીને,ડીઝાઇન અને મોડેલિંગ ઉપયોગ કરી ને તમે જુદા જુદા પ્રકાર ના વસ્ત્રો બનાવામાં કામ કરશો. વિધાર્થી ઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ને વિધાર્થી તેના પ્રોડક્ટ સાથે પ્રયોગ કરે ત્યારે તેના પ્રોડક્ટની પરીક્ષા થાય છે.

- કોર્સવર્ક યુનિટ 60% વિદ્યાર્થીઓ કામનો પોર્ટફોલિયો અને જે પ્રોડક્ટ બનાવશે એના પર આધારિત છે. તેમની પાસે પોર્ટફોલિયો બનાવવા માટે 4 મહિના હશે.
- પરીક્ષા બોર્ડએ 40% વિદ્યાર્થીઓના માટે પસંદગી માટે વિચારો સેટ કર્યાં હોય છે . તેમની પ્રોડક્ટ બનાવવા માટે 10 કલાકની પરીક્ષા હોય છે.

## GCSE OCR નાટક (GCSE OCR Drama)

GCSE નાટક એ એક વ્યવહારિક, આકર્ષક અને સર્જનાત્મક અભ્યાસક્રમ છે. જે તેમના વિચારો અને અર્થ એક દર્શકને જણાવવામાં આવે છે તે એક એવી કલા છે જે નાટકને સમજવા અને બનાવવાની તક વિદ્યાર્થીઓને આપે છે. વિદ્યાર્થીઓ શૈક્ષણિક વાતાવરણમાં (academic setting) નાટકનો અભ્યાસ કરશે, આ વિષય પર વધુ સંશોધન કરશે અને તેમનું જ્ઞાન અને સમજણ નાટક બનાવવા અને વિકસાવવાની પ્રક્રિયામાં અને તેમના પોતાના પ્રદર્શનના કામ પર મદદ કરશે. આ GCSE ની અંદર ત્રણ યુનિટ હોય છે. ડિવાઈસિંગ ડ્રામામાં પરીક્ષા બોર્ડ તરફથી આપવામાં આવેલ કામના આધારે અને તેમના બનાવેલ /લેખિત પોર્ટફોલિયો ના આધારે તેમને પોતાના પ્રદર્શનની રચના કરે છે. આ તેમના સંપૂર્ણ કામ ના કિંમત 30% જેટલું છે. પ્રેઝન્ટીંગ અને પરફોર્મિંગ ટેક્સ્ટ્સમાં વિદ્યાર્થીઓ વ્યાવસાયિક સ્ક્રિપ્ટમાંથી એક ભાગ શીખે છે અને તેને એક જૂથ તરીકે અને તેમના પોતાના પર, એકપાત્રી નાટક રજૂ કરે છે. આ તેમના ગ્રેડના 30% જેટલું છે. અંતિમ પરીક્ષા એ લેખિત પરીક્ષા છે જે વર્ષ 11 માં લેવામાં આવે છે.આ પરીક્ષા માં પ્રોફેશનલ સ્ક્રિપ્ટ પરના પ્રશ્નો અને

લાઈવ પ્રદશન ના  પ્રશ્નો હોય છે, જેનું વિદ્યાર્થીઓએ પરીક્ષા હોય છે. આ પરીક્ષા માં ઓવર ઓલ ગ્રેડના 40% મૂલ્ય હોય છે.

## BTEC ટેક એવોર્ડ મ્યુઝિક પ્રેક્ટિસ (BTEC Tech Award Music Practice)

કોર્સનો હેતુ એવા શીખનારાઓ માટે છે જેઓ સંગીત ના વિષય માં  કૌશલ્ય અને જ્ઞાન વિકસાવવા માગે છે.આ વિષય માં  તેઓ  સંગીત ના મુળ  તત્વો , સંગીત કેવી રીતે બનાવવું , તેમનું પ્રદશન કેવી રીતે કરવું , સંગીત ના જુદા જુદા  લખાણ ને વાપરી ને   અને તેમની વ્યક્તિગત કુશળતા વિષે  શીખશે.

અભ્યાસક્રમ દરમિયાન ત્રણ ભાગો હોય છે. ભાગ  એક અને બે શિક્ષક દ્વારા ગ્રેડ કરવામાં આવે છે અને પરીક્ષા બોર્ડ દ્વારા સંચાલન  કરવામાં આવે છે. આ દરમિયાન, વિદ્યાર્થીએ સંગીત ના જુદા જુદા પ્રકારનું   સંશોધન કરવું પડે છે અને સુધારવા  પડે છે . ચોક્કસ કુશળતા વિકસાવવા માટે તેના પર  પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. ભાગ  ત્રણ વર્ષ 11 માં પરીક્ષા બોર્ડ દ્વારા ગ્રેડ કરવામાં આવે છે. આમાં પરીક્ષા બોર્ડ દ્વારા આપવામાં આવેલી જુદા જુદા ભાગો નો  ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ તેમના પોતાના સંગીત નીરચના કરવી પડે છે.

## BTEC ટેક એવોર્ડ પ્રદર્શન કલા ડાન્સ (BTEC Tech Award Performing Arts Dance)

આ કોર્સ એવા વિદ્યાર્થીઓ માટે છે કે જેઓ વ્યાવસાયિકોના કાર્ય અને ઉપયોગમાં લેવાતી પ્રક્રિયાઓ, વિવિધ ભૂમિકાઓમાં વપરાતી કુસરતા , તકનીકો અને પ્રદર્શનની રચનામાં કેવી રીતે યોગદાન આપવું તેનો અભ્યાસ કરીને વ્યાવસાયિક રોલ  દ્વારા નૃત્ય નું  વિશિષ્ટ જ્ઞાન, કૌશલ્યો મેળવવા અને વિકસાવવા માગે છે. તેઓ તેમની કુશળતા વિકસાવવા અને પ્રગતિ દર્શાવવા અને પછી તેમના અંતિમ પ્રદર્શનનું મૂલ્યાંકન કરવા જરૂરી છે.ભાગ ૩ માં  પરીક્ષા બોર્ડ દ્વારા આપેલ રૂટિન નું  વિદ્યાર્થીઓ  તેમની  જાતે  કોરિયોગ્રાફ કરવા નું હોય છે .

## GCSE બિઝનેસ (GCSE Business)

GCSE બિઝનેસ એ વિષય છે જે વિદ્યાર્થીઓને વ્યવસાય કેવી રીતે શરૂ કરવો તેના વિશે શીખવે છે. આમાં વિચારો સંશોધન કરવા, નાણાં ની આવક અને જાવકની ગણતરી કેવી રીતે કરવી તે, અને ગ્રાહકોને આકર્ષવા માટે જાહેરાત અને પ્રમોશન કેવી રીતે કરવું તે શામેલ છે. ત્યારબાદ વિદ્યાર્થીઓ વ્યવસાયને કેવી રીતે વિસ્તારવો તે વિશે શીખે છે. આ અભ્યાસક્રમ વિવિધ વ્યવસાયો અને તેઓ કેવી રીતે કાર્યરત કરે છે તેના વિશે જાણવામાં રસ લે છે. આમાં બે પરીક્ષાઓ (95 મિનિટ) હોય છે જેમાં પ્રશ્નોનો સમાવેશ થાય છે જેમાં ઘણું લખવું જરૂરી છે. વિદ્યાર્થીઓએ 12 માર્કના પ્રશ્નોના જવાબ આપવાના હોય છે.

## GCSE અર્થશાસ્ત્ર  (GCSE Economics)

આ વિષય વિદ્યાર્થીઓને અર્થવ્યવસ્થા કઈ રીતે કાર્ય કરે છે અને સરકાર કેવી રીતે કર (ટેક્સ)લગાવે છે અને તે નાણાંનું શું કરે છે તેના વિશે શીખવે છે. મોંઘવારી અને બેકારી જેવા મુદ્દાઓ વિષે શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓ સપ્લાય અને ડિમાન્ડ માં  થતા ફેરફારો દર્શાવવા માટે ગ્રાફ કેવી રીતે વાપરશો તે શીખવે  છે .

આ અભ્યાસક્રમનો અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ પાસે સારી ગણિત અને અંગ્રેજી કુશળતા હોવી જરૂરી છે અને તેઓ BBC સમાચાર લેખો વાંચવા અને અર્થતંત્ર પરના સમાચારો જોવામાં રસ ધરાવતા હોવા જોઈએ.

બે પરીક્ષાઓ (95 મિનિટ) છે જેમાં ઘણાજરૂરી  લેખિત પ્રશ્નો શામેલ છે. વિદ્યાર્થીઓએ 15 માર્કના પ્રશ્નોના જવાબ આપવાની જરૂર હોય છે.

## GCSE ફિલ્મ સ્ટડીઝ (GCSE Film Studies)

વિદ્યાર્થીઓ ફિલ્મો જોશે, ફિલ્મનો અભિપ્રાય   આપશે અને એની બાબત માં વાતો  કરશે. તેઓ ફિલ્મના ઇતિહાસ વિશે શીખશે અને તેને  બનાવવા માટે ફિલ્મ નિર્માતાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી તકનીકો વિષે શીખવવામાં આવે છે અને પછી  વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવે છે.

બે લેખિત પરીક્ષાઓ હોય છે જેમાં એક  તેમનો કોર્સેવર્ક  જેમાં તેઓ પોતાનું સ્ક્રીન પ્લે બનાવશે.

## ક્રેએટિવ iMedia (Creative iMedia)

કોમ્પ્યુટરનો ઉપયોગ કેવી રીતે કરવો.

પરીક્ષાઓ

2 X કોર્સે વર્ક

1 X લેખિત પરીક્ષા.

30% X 2

40% X 1

### તે કોના માટે છે?

આ વિષય એમના માટે છે જે વિદ્યાર્થીઓ  ક્રેએટિવ, શીખવા માટે તૈયાર છે અને કોમ્પ્યુટર મલ્ટીમીડિયાને બહેતર બનાવવા માટે એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે જાણકારી ધરાવે છે.

### જરૂરીયાતો:

વિદ્યાર્થીઓ સક્ષમ  હોવા જોઈએ કમ્પ્યુટર વારવામાં.અમે અપેક્ષા રાખીએ છીએ કે તેઓ કમ્પ્યુટરનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા હોવા જોઈએ અને સ્કૂલ  નેટવર્ક તેમજ Office365 એપ્લિકેશનોથી પરિચિત હોવા જોઈએ.

## GCSE સ્પોર્ટ્સ સ્ટડીઝ (GCSE Sports Studies)

રમતગમતનો અભ્યાસ અભ્યાસક્રમ આધારિત વિષય છે. સ્પોર્ટ્સ સ્ટડીઝ વિદ્યાર્થીઓને રમતગમતમાં તેમના વ્યવહારુ પ્રદર્શન પર તેમનું જ્ઞાન વિકસાવવાની તકો પૂરી પાડે છે. આ જ્ઞાનમાં યોગ્ય જોખમ મૂલ્યાંકનો કેવી રીતે હાથ ધરવા તે સમજવાની અને નેતૃત્વ કરવાની તકનો સમાવેશ થાય છે. તે વિદ્યાર્થીઓને આઉટડોર અને સાહસિક પ્રવૃત્તિઓ (વ્યવહારિક રીતે અને લેખિત કોર્સવર્ક બંને દ્વારા) ઍક્સેસ કરવાની તક પણ પૂરી પાડે છે. વર્ષ 11 માં, વિદ્યાર્થીઓ રમતગમતના આધુનિક મુદ્દાઓ જે શીખ્યા હશે તે  વિશે પરીક્ષા આપશે .

સ્પોર્ટ્સ સ્ટડીઝનું મૂલ્યાંકન  2 વર્ષ દરમિયાન ના  2 કોર્સવર્ક યુનિટ અને 1 પરીક્ષા દ્વારા કરવામાં આવે છે.

આ કોર્સ રમતગમતમાં ઊંડો રસ ધરાવતી કોઈપણ વિદ્યાર્થી  માટે યોગ્ય છે.  આ વિષય  એ વિદ્યાર્થી માટે   જે શાળામાં અથવા શાળાની બહાર ક્લબમાં નિયમિતપણે રમતગમત અને શારીરિક પ્રવૃત્તિની માં ભાગ લેતી હોય છે.

## સેપરેટ સાયન્સ  (Separate Science)

સેપરેટ સાયન્સ  એ જીવવિજ્ઞાન (બાયોલોજી), રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) અને ભૌતિકશાસ્ત્રનો (ફિઝિક્સ) વધારે  અભ્યાસ કરવાનો વિષય છે , જે વિદ્યાર્થીઓને સંયુક્ત વિજ્ઞાનની(કમબાયનડ સાયન્સ) ની તુલનામાં આ  વિષયમાં વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની મંજૂરી આપે છે. આ વિષય ની પરીક્ષા ઓ વર્ષ ૧૧ ના અંત માં હોય છે જેમાં  ૬  પરીક્ષાઓ  હોય છે જે  બધી  પરીક્ષાઓ  એક કલાક અને પિસ્તાળીસ મિનિટ ની હોય છે. આ વિષય એ વિદ્યાર્થી ઓ માટે જે  વિજ્ઞાનમાં સારું કરતા હોય , જેમને ભવિષ્ય માં  એ-લેવલ ( A-લેવેલ્સ) અથવા વિજ્ઞાન માં  ઉચ્ચ  અભ્યાસ કરવા માંગે છે.

## કોમ્પ્યુટર સાયન્સ (Computer Science)

નેટવર્ક્સ અને સુરક્ષા સહિત કમ્પ્યુટર્સ કેવી રીતે કાર્ય કરે છે.

પ્રોગ્રામિંગ (પાયથોન ભાષા)

પરીક્ષાઓ : 2 X લેખિત પરીક્ષાઓ, 50% X 2

તે કોના માટે છે?

આ વિષય એના માટે છે જે કોમ્પ્યુટર કેવી રીતે કામ કરે છે અને પ્રોગ્રામિંગ કેવી રીતે કામ કરે છે તે શીખવા અને સમજવા માટે ઉત્સુક હોય છે .અભ્યાસક્રમ ખૂબ જ જટિલ છે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમાં આવતા પહેલા કમ્પ્યુટર વિષે  સારી સમજ ધરાવતા હોય છે.

**જરૂરીયાતો:**

વિદ્યાર્થીઓએ પહેલાથી જ પ્રોગ્રામિંગ માં ઇન્ટરેસ્ટ ધરાવતા હોવા જોઈએ. તેઓને પ્રોગ્રામિંગ માટે ગણિત (ગાણિતિક/તર્કશાસ્ત્રની શ્રેણી) અને અંગ્રેજી (વ્યાકરણ)ના સારા લેવલ ની જરૂર હોય છે અને તેમનો ગ્રેડ 6 અથવા એનાથી વધારે હોવાની જરૂર છે.

## ઇતિહાસ (History)

**પેપર 1:**

અમેરિકા,1920-1973: તક અને વિભિન્નતા (ઓપ્પોર્ટુનિટી અને ઇંએક્યુઅલીટી)

પતન અને મહામંદી ( (ગ્રેટ ડિપ્રેશન), પછી અમેરિકન માણસો ની આર્થિક ગ્રોસ ની તપાસ. માંઈનોરિટી ગ્રુપ ના પર બંનેની કેવી અસર પડે છે તે વિષે શીખવું.

એશિયામાં સંઘર્ષ અને તણાવ (કોન્ફ્લિકટ એન્ડ ટેન્શન ઈન એશિયા) 1950-1975

કોરિયન અને વિયેતનામ યુદ્ધો સહિત એશિયામાં અમેરિકાની સામ્યવાદી વિરોધી(એન્ટી કોમ્યુનિસ્ટ પૉલિસિ) નીતિઓની લોકો પર તેની અસરનો અભ્યાસ.

**પેપર 2:**

નોર્મન ઇંગ્લેન્ડ c1066-c1100

નોર્મન્સે ઇંગ્લેન્ડને કેવી રીતે બદલ્યું તેના વિષે વિદ્યાર્થીઓની સમજમાં વધારો કરે છે.

બ્રિટન: સ્થળાંતર (માઇગ્રેશન ), સામ્રાજ્યો(ઍમપયર ) અને લોકો c790 થી અત્યાર સુધી બ્રિટિશ સામ્રાજ્યની મૂવમેન્ટ અને તેના અંતિમ પતન વિષે ના વિસ્તરણનો અભ્યાસ હોય છે.

## Sociology (સમાજશાસ્ત્ર) (સોસિઓલોજી)

સમાજશાસ્ત્ર ( સોસિઓલોજી )એ સમાજ માટે નો અભ્યાસછે, અમે પરિવાર, શિક્ષણ અને અપરાધોના વિષયનો અભ્યાસ કરાવીએ છીએ, આપણી આસપાસની દુનિયા અને તે કેવી રીતે કાર્ય કરે છે તે શીખવીએ છે . અમારી પાસે ધોરણ 11 ના અંતે બે પરીક્ષાઓ છે, આ બંને ધોરણ 10 અને ધોરણ 11 માં શીખવવામાં આવેલી તમામ માહિતીઓ પરીક્ષા મારફતે તપાસ કરવામાં આવે છે. આ કોઈપણ વિદ્યાર્થીને લાગુ પડે જેઓને ચર્ચાઓને ડિસકસ કરવામાં આનંદ અનુભવે છે, તેમના વિચારો શેર કરવામાં આનંદ અનુભવે છે અને જેમની પાસે નિબંધ લખવાની સારી કુશળતા ધરાવે છે

## ભૂગોળ (Geography)

GCSE ભૂગોળમાં, તમને યુકેમાં તમારા જીવનને અસર કરતા ફેરફારોનો અભ્યાસ વિષે શીખવે આ છે. વિષયોમાં પર્યાવરણનું ટકાઉ સંચાલન, લેસ્ટર પર થતા માઈગ્રશન (migration ) ની અસરો અને યુકે પર વાતાવરણ ના (climate ચૅન્જ) પરિવર્તનના પરિણામોનો સમાવેશ થાય છે. GCSE ભૂગોળ જોબ માર્કેટમાં થતા સંભવિત ફેરફારો અને ભવિષ્યમાં આપણે જે ખોરાક ખાઈએ છીએ તે પર થતી અસરો વિષે પણ વિધાર્થી ઓ શીખે છે . GCSE ભૂગોળ આર્થિક અને રાજકીય પરિવર્તનની અસરોની તપાસ કરીને યુકે અને વિશ્વમાં તમારી સ્થિતિઓને જોય છે અને વિશ્લેષણ કરે છે. ભૂગોળનો અભ્યાસ તમને ભવિષ્યમાં નોકરી માટે વિશાળ તકો આપે છે.